**<u>ફોજદારી કેસ નં.૭૧૭૭/૨૦૨૧</u>**

# આંક –૧ નીચે હુકમ

(૧) ફરીયાદ પક્ષે આરોપી/ઓ વિરુઘ્ઘ જુગાર ધારા કલમ ૧૨ અ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આરોપી/ઓએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે જુગાર રમી રમાડી જુગારના સાધનો સાથે મુદ્દામાલ સાથે મળી આવી ગુન્હો કરેલ છે.હાલના કામે આરોપી/ઓએ ગુનો કબુલ કરેલો છે.

(૩) આરોપી/ઓ કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી. આરોપી/ઓ આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીઓ એ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપી/ઓ ની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપી/ઓ એ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપી/ઓની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ઘ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>: હુકમ:</u>

૧) આરોપી/ઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપી/ઓને રૂા.૨૦૦/–(બસો રૂપીયા પુરા ) નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે દરેક ને ૨ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પૈકી તમામ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા બાકીના મુદામાલનો ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નીકાલ કરવો.

તા. ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ:– મીરઝાપુર,અમદાવાદ

ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર